# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર

## આકાશવાણી સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

- ✓ સંસદના બજેટ સત્ર પહેલા નવી દિલ્હી ખાતે સર્વપક્ષીય બેઠક ચાલી રહી છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કરશે.
- ✓ કેરળમાં ચૌદ વર્ષીય કિશોર નિપાહ વાઈરસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ.
- ✓ ગુજરાત સહિત ચાર રાજ્યમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી.
- ✓ પેરિસ ઓલિમ્પિકમાં આ વખતે 117 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *ALL PARTIES MEETING DELHI*

**સંસદના અંદાજપત્ર સત્ર પહેલા સરકારે આજે નવી દિલ્હી ખાતે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. હાલમાં ચાલી રહેલી આ બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહમાં યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે રાજકીય દળો પાસેથી સહકાર માગશે. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, કિરેન**

રિજીજૂ, અર્જૂન રામ મેઘવાલ, જગત પ્રકાશ નડ્ડા, ચિરાગ પાસવાન, રામદાસ આઠવલે અને કૉંગ્રેસ નેતા જયરામ રમેશ, રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટીના નેતા પ્રફૂલ પટેલ, DMK નેતા ટી. આર. બાલૂ અને તિરૂચિ શિવા ઉપરાત ઑલ ઇન્ડિયા મજલિસ-એ ઇત્તેહાદૂલ મુસ્લિમીનના અસદુદ્દીન ઓવૈસી આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

સંસદનું અંદાજપત્ર સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન મંગળવારે લોકસભામાં વર્ષ 2024-25 માટેનું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરશે. નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળનું આ પહેલું અંદાજપત્ર હશે. ગયા મહિને સંસદના બંને ગૃહની સંયુક્ત બેઠકને સંબોધિત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારપૂર્વક કહ્યું હતું કે, અંદાજપત્ર સરકારની દૂરોગામી અને ભવિષ્યના દ્રષ્ટિકોણનો એક અસરકારક દસ્તાવેજ છે. આ સત્રમાં સરકાર છ નવા વિધેયક પણ રજૂ કરી શકે છે.

## *PM - WORLD HERITAGE - MESSAGE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે 7 વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કરશે. તેમજ સભાને સંબોધિત કરશે. આ વર્ષે ભારત પ્રથમ વખત વિશ્વ ધરોહર સમિતિની બેઠકનું આયોજન કરી રહ્યું છે.

આ બેઠક 31 જુલાઈ સુધી ચાલશે. વિશ્વ ધરોહર સમિતિ વર્ષમાં એક વાર મળે છે અને તે તમામ વિશ્વ ધરોહર-સંબંધિત બાબતોનું સંચાલન કરે છે. અને વિશ્વ ધરોહર યાદીમાં સમાવિષ્ટ સ્થળો અંગે મહત્વપૂર્ણ નિર્ણયો લે છે.

આ દરમિયાન વિશ્વ ધરોહર યાદીમાં નવા સ્થાન નક્કી કરવા, હાલની 124 વિશ્વ ધરોહર સંપત્તિઓના સંરક્ષણની સ્થિતિ અંગે અહેવાલ અને આંતરરાષ્ટ્રીય સહાય તેમજ વિશ્વ ધરોહર ભંડોળના ઉપયોગ સહિત અન્ય દરખાસ્તો પર ચર્ચા કરવામાં આવશે.

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ ધરોહર સમિતિની બેઠકની યજમાની કરવાની તક ભારતને મળવા બદલ ખુશી વ્યક્ત કરી છે.

સામાજિક માધ્યમના દ્વારા એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, આ બેઠક દેશની ધરોહરની જાળવણી માટે વૈચારિક આદાન-પ્રદાન માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરૂં પાડશે.

## *EPFO*

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે, EPFOના સભ્યોની સંખ્યામાં આ વર્ષે મે મહિનામાં 19 લાખ 50 હજારની વૃદ્ધિ થઈ છે. આ વર્ષ 2018માં પહેલો પે-રોલ આંકડા જાહેર થયા પછીથી એક મહિનામાં થયેલી સર્વોચ્ચ વૃદ્ધિ છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ વર્ષે મે મહિનામાં લગભગ 9 લાખ 85 હજાર સભ્ય સંગઠન સાથે જોડાયા. તેમ જ આ વર્ષે એપ્રિલ મહિનામાં નવા સભ્યોની સંખ્યામાં 10.96 ટકાનો વધારો થયો છે.

મંત્રાલયના જણાવ્યા મુજબ, સંગઠનના સભ્યોમાં મે 2023 પછીથી 19.62 ટકાનો વધારો થયો છે. આ વૃદ્ધિ રોજગારની તકમાં વૃદ્ધિ, કર્મચારીઓની લાભ પ્રત્યે વધતી જાગૃતિ અને સંગઠનના આઉટરીચ કાર્યક્રમોના કારણે થઈ છે. દરમિયાન લગભગ 14 લાખ સભ્યોએ સંગઠનનું સભ્યપદ બીજી વાર લીધું છે.

## *KERALA NIPAH VIRUS*

કેરળના મલ્લપુરમ્ જિલ્લામાં ચૌદ વર્ષીય કિશોર નિપાહ વાઈરસથી સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ છે. રાજ્યનાં આરોગ્ય મંત્રી વીણા જ્યૉર્જે કહ્યું, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલૉજી પુણે ખાતે તપાસમાં નિપાહ વાઈરસની માહિતી મળી છે. જોકે, કેરળની 2 પ્રયોગશાળાઓમાં તો પહેલાથી જ આ અંગેની પુષ્ટિ થઈ ગઈ છે. હાલમાં સંક્રમિત કિશોરની કોઈકોડમાં સારવાર ચાલી રહી છે.

સુશ્રી જ્યૉર્જે કહ્યું કે, નિપાહ વાઈરસની સ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સંપૂર્ણ રીતે સજ્જ છે અને તમામ પ્રકારની સાવચેતી રાખવામાં આવી રહી છે. મલ્લપુરમ્ જિલ્લામાં એક નિયંત્રણ કક્ષ પણ શરૂ કરાયો છે.

## *AMARNATH YATRA DARSHAN*

જમ્મુમાં અત્યાર સુધીમાં 3 લાખ 86 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ અમરનાથ બાબાની પવિત્ર ગુફા મંદિરના દર્શન કર્યા છે.

અધિકારીઓએ જણાવ્યું કે, આ વર્ષે 29 જૂને શરૂ થયેલી યાત્રા બાદથી છેલ્લા 22 દિવસોમાં 3 લાખ 86 હજારથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફા મંદિરમાં દર્શનાર્થે આવ્યા છે. ગઈકાલે 11

હજારથી વધુ યાત્રિઓએ દર્શન કર્યાં હતા. જયારે આજે 3 હજાર 113 યાત્રિઓનો વધુ એક સમૂહ 2 સુરક્ષા કાફલા સાથે જમ્મુના ભગવતીનગર યાત્રિ નિવાસથી ખીણ માટે રવાના થઇ છે.

આ વર્ષની અમરનાથ યાત્રા 52 દિવસ બાદ 19 ઑગસ્ટે શ્રાવણ મહિનાની પૂનમ અને રક્ષાબંધનના તહેવાર સાથે પૂર્ણ થશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...

.................................................

## *KEDARNATH*

કેદારનાથ પદયાત્રાના માર્ગ પર ભેખડો ધસી પડવાને કારણે આજે સવારે, ત્રણ શ્રદ્ધાળુના મોત થયા હતા. ઘટનાસ્થળે NDRF, DDR, YMF અને વહીવટીતંત્રની ટુકડી રાહત તેમજ બચાવ કાર્યમાં જોડાઈ ગઈ છે.

જિલ્લા આપદા પ્રબંધન અધિકારી નંદનસિંહ રાજવરના જણાવ્યા અનુસાર, આજે સવારે 7.30 વાગ્યે, ગૌરીકુંડથી લગભગ 3 કિલોમીટર આગળ, કેદારનાથ ધામ તરફ જતા રસ્તા પર ચિરવાસા સ્થાને પહાડી પરથી કાટમાળ પડતા પદયાત્રીઓ ફસાયા હતા. ત્યારબાદ તમામ લોકોને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર ગૌરીકુંડમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં મહારાષ્ટ્રના બે અને ઉત્તરાખંડના એક પદયાત્રીને મૃત જાહેર કરાયા છે.

સામાજિક માધ્યમના એક સંદેશમાં મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ કહ્યું છે કે, 'કેદારનાથ માર્ગ ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે, હું અધિકારીઓના સતત સંપર્કમાં છું. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને તાત્કાલિક સારવાર આપવા સૂચના આપવામાં આવી છે.

## *LAOS – CYBER SCAMMING*

લાઓસમાં ભારતીય દૂતાવાસે લાઓસના સાયબર-સ્કેમિંગ કેન્દ્રોમાંથી તેર ભારતીયોને બચાવ્યા છે અને તેમના સુરક્ષિત ભારત પરત ફરવાની ખાતરી આપી છે. સામાજિક માધ્યમના એક સંદેશમાં દૂતાવાસે જણાવ્યું કે, તેમણે અત્યાર સુધીમાં 518 ભારતીયોને બચાવ્યા છે.

દૂતાવાસે આ મામલે લાઓસ સત્તાધીશોના સહકાર બદલ પણ આભાર માન્યો હતો. તેમણે લાઓસ આવતા ભારતીય શ્રમિકોને સાયબર કૌભાંડ માટે બનાવટી અથવા ગેરકાયદેસર નોકરીની ઓફરમાં ફસાઈને પોતાની સલામતીને જોખમમાં ન મૂકવા પણ વિનંતી કરી હતી.

## *PM GURU PURNIMA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે સામાજિક માધ્યમ દ્વારા એક સંદેશમાં દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

ગુરૂપૂર્ણિમા અષાઢ મહિનાની પૂનમના દિવસે મનાવવામાં આવે છે. આ પ્રસંગે લોકો પોતાના શિક્ષકો અને આદ્યાત્મિક ગુરૂઓ પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. આજના જ દિવસે ઋષિ વેદવ્યાસની પણ જયંતી છે. આ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

## *WEATHER*

હવામાન વિભાગે આગામી ચાર દિવસ ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિદર્ભ, છત્તીસગઢ, તટવર્તી કર્ણાટક, ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, હરિયાણા, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, આસામ, મરાઠવાડા, તટવર્તી આંધ્રપ્રદેશ, યાન અને તેલંગાણામાં આજે ભારે વરસાદની સંભાવના છે. જ્યારે રાજધાની દિલ્હીમાં પણ આજે સામાન્ય વરસાદ વરસી શકે છે.

રાજસ્થાન, હિમાચલપ્રદેશ, પંજાબ, બિહાર, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં બુધવાર સુધી ભારે વરસાદની આગાહી છે.

## *PARIS OLYMPICS*

આગામી 26મી જુલાઈથી શરૂ થનારી પેરિસ ઓલિમ્પિકમાં આ વખતે 117 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. આમાં 24 સશસ્ત્ર દળના જવાન પણ સામેલ થશે, જેમાં જેવલિન થ્રોઅર

સુબેદાર નીરજ ચોપરા તેમ જ 2 મહિલા ખેલાડી પણ જોડાશે. ઉલ્લેખનીય છે કે, આ વખતની ઑલિમ્પિકમાં મહિલા સૈન્ય ખેલાડીઓ પહેલી વાર ભાગ લઈ રહ્યાં છે.

આ ઉપરાંત રાષ્ટ્રમંડળ રમતમાં વર્ષ 2022નાં કાંસ્ય ચંદ્રક વિજેતા હવલદાર જાસ્મીન લામ્બોરિયા અને એશિયન કુશ્તી ચેમ્પિયનશીપ વર્ષ 2023ના કાંસ્ય ચંદ્રક વિજેતા CPO રિતિકા હુડ્ડા પહેલી વાર ઓલિમ્પિકમાં ભાગ લેવા જઈ રહ્યાં છે. તેઓ મુક્કેબાજી અને કુશ્તી સ્પર્ધામાં ભાગ લેશે.